5 નવેમ્બર, 2019

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


**વિષય: જમીનની હેતુસર શરતફેર સમયે જમીન વેચાણ પર પ્રીમિયમની રકમમાં ઘટાડો કરવા બાબતે**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (GCCI) તરફથી શુભેછાઓ.

અમોને સુરેન્દ્રનગર ઉધોગનગર સહકારી મંડળીનો પત્ર મળેલ છે, જે મુજબ તેઓએ આપશ્રી સાથે મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/ 392003-454-અ તા:06.06.2003 ના સંદર્ભે રૂબરૂ મુલાકાત કરેલ, જેમાં તેઓએ પ્રીમિયમની રકમ ખુબ ઊંચી હોવાની રજુઆત આપ સમક્ષ કરી હતી અને તે રકમમાં ઘટાડો કરવા આપશ્રીને વિનંતી કરેલ હતી. પત્રમાં વધુમાં તેઓએ જણાવેલ છે કે મહેસુલ વિભાગ ના ઠરાવ ક્રમાંક જમન/3910/3519/અ.1 તા.22.05.2018 અને ઠરાવ ક્રમાંક જમન/3910/3519/અ.1 તા.11.09.2018 અનુસાર જમીનની હેતુસર શરતફેર સમયે, જમીન વેચાણ ઉપર વસુલવમાં આવતા પ્રીમિયમ ની ગણતરી, તા:06.06.2003 ના ઠરાવની રકમ કરતા પણ વધી જાય છે. તે માટે તેઓએ આપશ્રી સમક્ષ પ્રીમિયમ ની રકમમાં ઘટાડો કરવા રજુઆત કરેલ હતી. તેમના પત્રની નકલ આપની જાણસારુ અમારા પત્ર સાથે બિડાણ કરેલ છે.

આપશ્રી ને વિદિત છે કે નવા ઉધોગો ને GIDC માં નવી જમીન મેળવવામાં અનેક મુશ્કેલી આવે છે તેના કારણે અનેક ઉધોગ-સાહસિકો ખેતીલાયક જમીનને બિન-ખેતીમાં ટ્રાન્સફર કરાવે છે. જે માટે તેઓને જમીનની બજારકિંમત ના 3 ગણા જેટલું પ્રીમિયમ ચૂકવવું પડે છે. આપ જાણો છો તેમ કોઈ પણ નવા ઉધોગ કે ધંધા માટે મૂડી મર્યાદિત હોય છે અને જમીન સંપાદનમાં મોટો ખર્ચ થતો હોવાથી ઘણા ઉધોગો સ્થાપવા ઇચ્છતા ઉધોગકારો માટે આ ઊંચો ખર્ચ બાધક બને છે. જો આ પ્રીમિયમની રકમમાં વ્યાજબી ઘટાડો કરવામાં આવે તો ઉધોગકારો અને જાહેર જનતા માટે ઘણી રાહત થશે અને જેથી રાજ્યમાં નવા ઉધોગકારો ઉધોગો સ્થાપ્વા પ્રેરાશે.

આપશ્રી ને અમે વિનંતી કરીએ છીએ કે અમારી રજુઆતને ધ્યાનમાં લઇને સકારત્મક અને પ્રજાલક્ષી નિર્ણય કરશોજી.

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ

પ્રમુખ

**બિડાણ** : સુરેન્દ્રનગર ઉધોગનગર સહકારી મંડળીનો પત્ર

(રજી.નં.૭–૨ તા.૧/૧૧/૬૦) Phone-02752-221584

Surendranagar Udhyognagar Sahakari Mandli Ltd.

Shri Sardar Patel Udhyognagar 80 Feet Road Surendranagar

ભરતભાઈ કોઠારી–૯૮૨૫૩ ૧૦૨૦૧ પ્રવીણભાઈ સોલંકી–૯૮૨૫૨ ૬૨૦૦૩

વીપીનભાઈ ટોળીયા–૯૮૨૫૨ ૨૪૨૨૭ રણજીતસિંહ ઝાલા–૯૮૨૫૩ ૫૧૩૫૫

રાજુભાઈ પટેલ –૯૬૩૮૦૬૯૩૦૬

તા.૨૩/૧૦/૨૦૧૯

GCCI
INW. NO. 2305

પ્રતિ,
(૧) માન.શ્રી વિજયભાઈ રૂપાણી,
મુખ્યમંત્રીશ્રી,ગુજરાત સરકાર,
નવા સચિવાલય,ગાંધીનગર
(૨) માન.શ્રી કૌશીકભાઈ પટેલ,
મહેસુલમંત્રીશ્રી,ગુજરાત સરકાર,
નવા સચિવાલય,ગાંધીનગર

વિષય: (૧) <u>નિતિવિષયક નિર્ણય લેવા બાબત.</u>

સંદર્ભ:

(૧) <u>મહેસુલ વિભાગના ઠરાવ નં.જમન/૩૯૨૦૦૩/૪૫૪/અ તા.૬/૬/૨૦૦૩</u>

(૨) <u>મહેસુલ વિભાગનો ઠરાવ નં.જમન/૩૯૧૦/૩૫૧૯/અ.૧ તા.૨૨/૫/૨૦૧૮</u>

(૩) <u>મહેસુલ વિભાગનો ઠરાવ નં.જમન/૩૯૧૦/૩૫૧૯/અ.૧ તા.૧૧/૯/૨૦૧૮</u>

માનનિયશ્રી,

જય ભારત સાથ નીચે મુજબ આપને જણાવવાનું કે,

(૧) આપની સાથે રૂબરૂ ચર્ચા થયા મુજબ મહેસુલ વિભાગના ઠરાવ નં.જમન/૩૯૨૦૦૩–૪૫૪–અ તા.૬/૬/૨૦૦૩ મુજબ ગણતરી કરીએ તો પ્રીમીયમની રકમ ઘણીજ આવતી હતી અને તેને કારણે આપશ્રીએ મહેસુલ વિભાગને પ્રીમીયમની રકમ શકય તેટલી ઓછી થાય તેવો સુધારો કરી નવો ઠરાવ બહાર પાડવાનું આપે જણાવેલ હતુ.

(રજી.નં.૯-૨ તા.૧/૧૧/૬૦) Phone-02752-221584

Surendranagar Udhyognagar Sahakari Mandli Ltd.

Shri Sardar Patel Udhyognagar 80 Feet Road Surendranagar

ભરતભાઈ કોઠારી-૯૮૨૫૩ ૧૦૨૦૧
વીપીનભાઈ ટોળીયા-૯૮૨૫૨ ૨૪૨૨૭
પ્રવીણભાઈ સોલંકી-૯૮૨૫૨ ૬૨૦૦૩
રણજીતસિંહ ઝાલા-૯૮૨૫૩ ૫૧૩૫૫
રાજુભાઈ પટેલ -૯૬૩૮૦૬૯૩૦૬

તા.૨૩/૧૦/૨૦૧૯



(૨) આથી તા.૬/૬/૨૦૦૩ માં મહેસુલ વિભાગના ઠરાવમાં સુધારો કરી મહેસુલ વિભાગે નવો ઠરાવ બહાર પાડેલ હતો જેનો ઠરાવ નંબર જમન/૩૯૧૦/૩૫૧૯/અ.૧ તા.૨૨/૫/૨૦૧૮ નો નવો મહેસુલ વિભાગે ઠરાવ બહાર પાડેલ તેમાં ગણતરી કરતા મહેસુલ વિભાગના અગાઉના તા.૬/૬/૨૦૦૩ ના ઠરાવ કરતાં પણ પ્રીમીયમની રકમ ઘટવાને બદલે વધી જતી હતી.

(૩) આથી મહેસુલ વિભાગે તેમનો બીજો ઠરાવ નં.જમન/૩૯૧૦/૩૫૧૯/અ.૧ તા.૧૧/૯/૨૦૧૨ બહાર પાડેલ હતો.

પરંતુ દુઃખ સાથે જણાવવાનું કે તા.૬/૬/૨૦૦૩ ના ઠરાવ મુજબ થતી પ્રીમીયમની રકમ કરતા પાંચથી છ ગણી પ્રીમીયમની રકમ તા.૧૧/૯/૨૦૧૮ ના ઠરાવ મુજબ થયેલ છે.

આ બાબતમાં આપની સાથે રૂબરૂ ચર્ચા થયેલી છે અને આપે મહેસુલ વિભાગને સુચના આપેલ છે કે તા.૨૨/૫/૨૦૧૮ તેમજ તા.૧૧/૯/૨૦૧૮ ના નવા મહેસુલ વિભાગના ઠરાવોરદ કરશોજી.

આપને અગાઉ વિનંતી કર્યા મુજબ બજાર કીંમતે આપેલ જમીન ઉપર કોઈપણ પ્રકારનું પ્રીમીયમની આપનું મહેસુલ વિભાગ જનતા પાસે માંગણી ન કરે તેવી વ્યવસ્થા કરશોજી.

જાહેર હીતમાં આપના સંપુર્ણ સહકારની અપેક્ષા સાથે.

આપનો વિશ્વાસુ,

પ્રમુખ
(ભરતભાઈ એફ.કોઠારી)
સુ.નગર ઉદ્યોગનગર સ.મં.લી.,
સુ.નગર

(૧) માન.શ્રી જીતુભાઈ વાઘાણી,
પ્રદેશપ્રમુખશ્રી બીજેપી,ગુજરાત રાજય,
કોબા,ગાંધીનગર

(૨) માન.શ્રી દીલીપભાઈ પટેલ,
જીલ્લા પ્રમુખશ્રી બીજેપી,સુરેન્દ્રનગર

(રજી.નં.૭–૨ તા.૧/૧૧/૬૦) Phone-02752-221584

Surendranagar Udhyognagar Sahakari Mandli Ltd.

Shri Sardar Patel Udhyognagar 80 Feet Road Surendranagar

ભરતભાઈ કોઠારી–૯૮૨૫૩ ૧૦૨૦૧
વીપીનભાઈ ટોળીયા–૯૮૨૫૨ ૨૪૨૨૭
પ્રવીણભાઈ સોલંકી–૯૮૨૫૨ ૬૨૦૦૩
રણજીતસિંહ ઝાલા–૯૮૨૫૩ ૫૧૩૫૫
રાજુભાઈ પટેલ –૯૬૩૮૦૬૯૩૦૬

તા.૨૩/૧૦/૨૦૧૯



(૩) માન.પ્રમુખશ્રી,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ.,
આશ્રમરોડ,અમદાવાદ

(૪) માન.પ્રમુખશ્રી,
ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ.,
માઈમંદીર સામે,સુરેન્દ્રનગર

(૫) માન.પ્રમુખશ્રી,
ઝાલાવાડ ફેડરેશન ટ્રેડ ઓફ ઈન્ડ.,
સુરેન્દ્રનગર

(૬) માન.પ્રમુખશ્રી,
અખીલ ભારતીય લઘુ ઉદ્યોગ,વઢવાણ

આપ સર્વેને નમ્ર વિનંતી કરવાની કે આ બાબતમાં આપ પણ સક્રીય થઈ અને જાહેર જનતાની તકલીફ દુર કરવામાં મદદરૂપ થશોજી.